# બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિપાલનપુર .

પો૨૦.નં.બો., બનાસડેરી,પાલનપુર .૩૮૫૦૦૧-ફોન નં૨૫૩૮૮૫ થી ૨૫૩૮૮૧ (૦૨૭૪૨) :,ફેકસ નં૨૫૨૭૨૩ (૦૨૭૪૨) :

## ટેન્ડર ફોર્મ

તા. ..../..../૨૦૨૨

ટેન્ડર ફી રૂપિયા ૫૦૦.૦૦ (નોન રિફંડેબલ)

**ભાગ ૧ ભાવ :પત્રક**

ઇન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટર શ્રી,
બનાસકાંઠા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ ,બનાસ ડેરી ,પાલનપુર .

**વિષય :કોલ્ડ સ્ટોરેજમાં બટાકાના સંગ્રહ માટેના ભાવ આપવા બાબત**

સંઘ મારફત કરાયેલ બટાકાના વાવેતરવાળા ખેડૂતોના ફાર્મ પરથી પ્રોસેસ જાતોના **બટાકાના કટ્ટા** કોલ્ડ સ્ટોરેજ પર આવે તેનો સંગ્રહ કરવા માટેના ટેન્ડરમાં જણાવેલ શરતો અને નિયમોને આધીન રહી નીચે જણાવેલ કોષ્ટકમાં પ્રતિ કિલોના ભાવો નીચે મુજબ દર્શાવેલા છે. તે ભાવોથી અમો અમારી માલિકીનો કોલ્ડ સ્ટોરેજ ભાડેથી આપવા માંગીએ છીએ.

| અ.નં. | વિગત | ઓફર દરરૂ./કી.ગ્રા. (સમયગાળો: ફેબ્રુ.૨૨ થી સપ્ટે.૨૨ સુધી) | ઓફર દર રૂ./કી.ગ્રા. (સમયગાળો: ફેબ્રુ.૨૨ થી ડીસે.૨૨ સુધી) |
|---|---|---|---|
| ૧ | કોલ્ડ સ્ટોરેજનો લોડીંગ, કટ્ટા પલટી, અનલોડીંગ, અને તાપમાન, ભેજ અને $CO_2$ જાળવવાનો દર (રકમમાં). | | |
| ૨. | શેડ ગ્રેડીંગ દર (રકમમાં) | | |
| | કુલ રકમ | | |

**કોલ્ડ સ્ટોરેજ માલિકની સહી**

**ઈજારદારનું નામ..........................................................................................................   :**

**સરનામું :**મુ.........................., પો........................., તા ........................જી..........................

મો..........................................નં.

મેઈલ..................................................:, ફેક્સ નં..........................................

આ સાથે ટેન્ડર ડીપોઝીટ તરીકે રૂ Iનો બનાસકાંઠ .......................ા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના નામનો  નંબરનો ડીમાન્ડ ડ્રાફ્ટ સામેલ ................................ બેંકનો .................................... ટેન્ડરની શરતો અને ફોર્મ જોઈ .છે, તપાસી, વાંચી, વિચારી ઉપર મુજબ મારા ભર્યા (દર) અમારા ભાવ/ બિડાણ કરેલ .છે શરતો અમોને કબુલ મંજુર છે ટેન્ડર ફોર્મમાં હકીકત ખોટી જાહેર કરેલી હોવાનું :નોંધ) . (.   જણાશે તો ટેન્ડર નામંજુર કરવાને પાત્ર ગણાશે તથા  આ બાબતમાં સંઘનો નિર્ણય આખરી ગણાશે વર્ષનો અનુભવ છે .............. મને આ પ્રકારની કામગીરી કરવાનો, જે અંગેનું સર્ટીફીકેટ આ સાથે સામેલ છે.

**તારીખ:**

**સ્થળ :**

**કોલ્ડ સ્ટોરેજ માલિકની સહી**

## <u>નીચે મુજબની શરતોને આધીન કોલ્ડ સ્ટોરેજ ભાડેથી રાખવામાં આવશે.</u>

### <u>જનરલ શરતો:</u>

- ફેબ્રુ-૨૦૨૨ થી ડીસેમ્બર -૨૦૨૨ ના સમયગાળા દરમિયાન કોલ્ડ સ્ટોરેજ વાપરવાની સત્તા હોવી જોઈએ.
- કોલ્ડ સ્ટોરેજમાં બટાકા રાખવાનો સમય અંદાજીત ફેબ્રુ-૨૦૨૨ થી સપ્ટેમ્બર / ડીસેમ્બર -૨૦૨૨સુધી રહેશે.
- કોલ્ડ સ્ટોરેજ પર કોઈ પણ લેણું કે દેવું ના હોવું જોઈએ, અને જો કોઈ લેણદારના લીધે જો કોઈ પણ પ્રકારનું નુકસાન થાય તો તેની ભરપાઈ કોલ્ડ સ્ટોરેજના માલિકે કરવાની રહેશે.
- **કોલ્ડ સ્ટોરેજ માલિકે સંલગ્ન બેંકનું" નો લીયન લેટર ફોર સ્ટોક " રજુ કરવાનું રહેશે .**
- કોલ્ડ સ્ટોરેજ તરફથી કરારમાં જોડાયેલ વ્યક્તિને આ કરાર કરવાની સંપૂર્ણ સત્તા તથા કરાર મુજબ કાર્ય કરવા સક્ષમ હોવો જોઈએ.
- કરાર દરમિયાન બનાસડેરીના કર્મચારીને કોઈપણ સમયે બટાકા અને કોલ્ડ સ્ટોરેજની તપાસ અને નિરીક્ષણ કરવાનો અધિકાર રહેશે.
- કરાર સમય દરમિયાન કોલ્ડ સ્ટોરેજની જગ્યાએ ઓફીસ-રૂમ, ટેલિફોન, કોમ્પુટર તથા ઈન્ટરનેટ ની સુવિધા સાથે બનાસડેરીના ઓફિસરને આપવાનો રહેશે.
- કોલ્ડ સ્ટોરમાં પડેલો માલ બનાસડેરીની માલિકીનો છે તે દર્શાવતું બોર્ડ મારવાનું રહેશે.
- કોલ્ડ સ્ટોરેજમાં રહેલ બટાકાનો જથ્થો,ગાદલા,ખાલી બેગો વગેરેની જવાબદારી કોલ્ડ સ્ટોરેજની રહેશે. કોઈ નુકશાન થાય તો કોલ્ડ સ્ટોરેજ માલિકે તેની ભરપાઈ કરવાની રહેશે.
- કોલ્ડ સ્ટોરમાં બટાકાના લોડીંગ અને અન- લોડીંગ માટે મજૂરોની પુરતી વ્યવસ્થા હોવી જોઈએ. મજૂરોની અવ્યવસ્થાને લીધે જો વાહનો પડ્યા રહેશે તો તેનું ડેમરેજ બનાસ ડેરી નક્કી કરે તે કોલ્ડ સ્ટોરના બિલમાંથી કપાત કરવામાં આવશે.
- કોલ્ડ સ્ટોરેજ પર પ્રમાણિત કરેલ કોમ્પુટર સિસ્ટમ યુક્ત વે-બ્રીજ હોવો અનિવાર્ય છે.

### <u>તકનીકી (ટેકનીકલ) શરતો:</u>

- કોલ્ડ સ્ટોરેજ હવા તથા પાણીચુસ્ત હોવા જોઈએ.
- કોલ્ડ સ્ટોરેજ અંદર અને બહારથી સ્વચ્છ હોવો જોઈએ.
- કોલ્ડ સ્ટોરેજ સંપૂર્ણપણે કાર્યરત અવસ્થામાં હોવો જોઈએ.
- કોલ્ડ સ્ટોરેજમાં કટ્ટાની થપ્પી વધારેમાં વધારે ૮ કટ્ટાની હોવી જોઈએ. કટ્ટા લોડીંગ-અનલોડીંગ કરતી વખતે ૧ ફૂટ કરતા વધારે ઉંચાઈથી પટકાવા ના જોઈએ.
- બટાકા કોલ્ડ સ્ટોરેજમાં મુકવાના અમુક દિવસ પહેલાથી કોલ્ડ સ્ટોરેજમાં ૫૫-૬૦ફે. તાપમાન જાળવવાનું રહેશે.

- બટાકા કોલ્ડ સ્ટોરેજમાં મુકતી વખતે પંખા અને હ્યુમીડીફાયર ચાલુ રાખવાના રહેશે.
- દરેક સમયે ભેજનું જરૂરી પ્રમાણ (૯૫-૯૮%) જાળવી રાખવાનું રહેશે.
- બટાકાના જથ્થામાં પ્રવેશતી હવાનું તાપમાન, બટાકાના તાપમાનથી ૫ફે. કરતા ઓછું હોવું જોઈએ.
- કોલ્ડ સ્ટોરેજમાં શરૂઆતના ૧૫ દિવસ સુધી ૫૫-૬૦ ફે. તાપમાન રાખવુ, ત્યારબાદ ૧૫ દિવસ પછી દરરોજ ૦.૫ફે.ના ઘટાડાથી તાપમાન ઘટાડીને તાપમાન ૪૫-૪૮ ફે. સુધી લઇ જઈ, તાપમાન ૪૫-૪૮ ફે. જાળવી રાખવું.
- કોલ્ડ સ્ટોરેજમાં એર કેપેસિટી ૨૫ CFM જાળવવાની રહેશે.
- કોલ્ડ સ્ટોરેજમાં હવાની અવરજવર હોવી જરૂરી છે અને જરૂર પ્રમાણે વધારાના ફેન મુકવાના રહેશે.
- સ્ટોરેજ દરમિયાન કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ ૨૦૦૦ PPMથી ઓછું રાખવાનું રહેશે તેના માટે ઓટો ફ્લશિંગ ની સુવિધા હોવી જરૂરી છે.
- કટ્ટાની થપ્પીમાં ઉપરના બટાકા અને નીચેના બટાકાના તાપમાનમાં ૨-૩ફે. થી વધારે ફરક ના હોવો જોઈએ.
- બટાકાનું તાપમાન ૪૭-૫૦ફે.થી ઓછું હોવું જોઈએ.
- રેફ્રીજરેશન યુનીટ વચ્ચે ડ્રીપ ટ્રે મૂકવાની રહેશે.
- કરાર સમય દરમિયાન સતત વીજળી મળી રહે તેવી વ્યવસ્થા હોવી જોઈએ અને વીજળી ના હોવાના સંજોગોમાં ૧ કલાકની અંદર પોતાના ખર્ચે ડીજીસેટની વ્યવસ્થા કરવાની રહેશે.
- બ્રેકડાઉન ના થાય તેના માટે ક્રિટીકલ સ્પેરનો પુરતો જથ્થો રાખવાનો રહેશે, બ્રેકડાઉન થાય અને તેનાથી કોઈ નુકસાન થાય તો કોલ્ડ સ્ટોરેજના માલિકે ભરપાઈ કરવાનું રહેશે.
- કરાર સમય દરમિયાન કોલ્ડ સ્ટોરેજની મશીનરી અને સિસ્ટમ યોગ્ય રીતે ચાલવી જોઈએ, જો તેમાં કોઈ ખામી જણાય તો બનાસડેરી અગાઉથી જાણ કર્યા વગર બીજા કોલ્ડ સ્ટોરેજ સાથે કરાર કરી શકે છે, આવા સંજોગોમાં માલના હેરફેરનો ખર્ચ કોલ્ડ સ્ટોરેજે ઉપાડવાનો રહેશે.
- બટાકા કોલ્ડ સ્ટોરેજમાં પ્રમાણિત કરેલ ડેટા લોગર લગાવેલું હોવું જોઈએ, જેથી તાપમાન, હ્યુમીડીટી વગેરે માપી શકાય.

**<u>કાર્યપ્રણાલીની શરતો:</u>**

- બટાકા કોલ્ડ સ્ટોર પર આવે ત્યારે બનાસડેરી તથા કોલ્ડ સ્ટોરેજના પ્રતિનિધિની હાજરીમાં આવેલ બટાકાનું વજન કરી અને ગુણવત્તા ચકાસીને કોલ્ડ સ્ટોરેજમાં મુકવાના રહેશે, બટાકાની ગુણવત્તામાં કોઈ ખામી કે ઉણપ હોય તો બનાસડેરીના અધિકારી અને કોલ્ડ સ્ટોરેજના અધિકારીએ સંયુક્ત રિપોર્ટ ભરી લેખિતમાં બનાસડેરીને જાણ કરવાની રહેશે.

- બટાકા લોડીંગ વખતે કોલ્ડ સ્ટોરેજમાં જરૂર પ્રમાણે હવાની અવરજવર માટે પુરતી ગેલેરી છોડવાની રહેશે.
- બટાકા કોલ્ડ સ્ટોરેજમાં મુક્યા પછી બટાકાની ગુણવત્તાની સંપૂર્ણ જવાબદારી કોલ્ડ સ્ટોરેજ માલિકની રહેશે.
- કોલ્ડ સ્ટોરેજ પર મળેલ બટાકાના કટ્ટા સંખ્યા અને જથ્થો (કી.ગ્રા.માં) દર્શાવતી આવક-ચલનની એક કોપી બનાસડેરીને આપવાની રહેશે.
- કોલ્ડ સ્ટોરેજમાં ઉંદર કે જીવજંતુઓ દાખલ થાય નહી તેની તકેદારી કોલ્ડ સ્ટોરેજના માલિકે રાખવાની રહેશે, આવા જીવાણુંઓથી બટાકાને નુકસાન થશે તો નુકસાનની ભરપાઈ કોલ્ડ સ્ટોરેજના માલિકે કરવાની રહેશે.
- કોલ્ડ સ્ટોરેજમાં વરસાદનું કે અન્ય બહારનું પાણી પ્રવેશે નહી તેની તકેદારી કોલ્ડ સ્ટોરેજના માલિકે રાખવાની રહેશે.
- બટાકા કોલ્ડ સ્ટોરેજ પર ઉતારતી વખતે છુંદાઈ તથા છોલાઈ ના જાય તેની તકેદારી રાખવાની રહેશે.
- કોલ્ડ સ્ટોરેજમાં દરરોજ અથવા બનાસડેરીના અધિકારીની સુચના મુજબ તાજી હવા દાખલ કરવાની રહેશે.
- કરાર સમય દરમિયાન કોલ્ડ સ્ટોરેજમાં દર બે (૨) કલાકે તાપમાન, કાર્બન ડાયોકસાઈડ તથા ભેજની નોંધણી કરી વિગત રાખવી અને જયારે બનાસડેરીના પ્રતિનિધિ વિગત માગે ત્યારે રજુ કરવાની રહેશે.
- બટાકાના ગ્રેડીંગ, પ્રીકૂલિંગ, ડ્રાયિંગ, સોર્ટિંગ, બેગીંગ માટે ૧૨૦" x ૫૦" ફૂટની જગ્યા જરૂર પડે ત્યારે પૂરી પડવાની રહેશે.
- સ્ટોરેજ કરેલા બટાકાનું ડીસ્પેચ,વેચાણ અથવા નાશ બનાસડેરીના પ્રતિનિધિની મંજૂરી વગર કરી શકાશે નહિ.
- કરાર સમય દરમિયાન બનાસડેરીની મંજૂરી સિવાય કોલ્ડ સ્ટોરેજનો ઉપયોગ બટાકાને નુકસાન કરનારી બીજી કોઈ પ્રવૃત્તિ માટે કરી શકાશે નહિ.
- કોલ્ડ સ્ટોરેજ ભાડે રાખનારના જરૂરી વાહનોને કરારની મુદત દરમ્યાન આવવા–જવા માટે વિના રોક–ટોક રસ્તાઓનો ઉપયોગ કરવા દેવાનો રહેશે.

**<u>નાણાકીય શરતો:</u>**

- ટેન્ડર મંજુર થયે ઇજારદારે સિક્યોરીટી ડીપોઝીટ પેટે રૂા. ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ભરવાના રહેશે, જે ઈજારાની મુદત પૂર્ણ થયેથી અને બનાસ ડેરીનું ક્લીયરન્સ રજુ કર્યેથી એક માસમાં પરત કરવામાં આવશે. સદર ડીપોઝીટ ઉપર કોઈપણ વ્યાજ કે વળતર ચૂકવાશે નહી.

- કોલ્ડ સ્ટોરેજમાં બટાકા લોડ-અનલોડ કરવા, કટ્ટાની થપ્પી મારવી, ઓછામાં ઓછા બે વખત પલટી મારવા, ગ્રેડિંગ કરવું અને બનાસડેરીએ નક્કી કરેલા ઇજારદારની ગાડી/ટ્રકમાં લોડ કરી આપવાની તમામ જવાબદારીતથા તેનું તમામ ખર્ચ કોલ્ડ સ્ટોરેજના માલિકે ચૂકવવાનું રહેશે.
- બનાસડેરીના માર્ગદર્શન મુજબ જેમ જેમ ગાડી રવાના થાય તે પ્રમાણે રકમની ચુકવણી કરવામાં આવશે.
- કોલ્ડ સ્ટોરેજ માં જેટલો બટાકાનો જથ્થો મુકેલ હશે તેટલાનુંજ ઉપરના નિયમ મુજબ પેમેન્ટ કરવામાં આવશે, તે સિવાય વધારાનો કોઈ પણ ચાર્જ આપવામાં આવશે નહિ.
- કોલ્ડ સ્ટોરેજના પેમેન્ટમાંથી ટી.ડી.એસની કપાત કરવામાં આવશે.
- ફોગીંગ માટેનોCIPCકેમીકલનો તમામ ખર્ચ બનાસડેરી દ્વારા કરવામાં આવશે.
- બટાકાનું ટોટલ લોસ વજન ૭%થી વધારે ના થવું જોઈએ અને તેના કરતા વધારે લોસ માટે બટાકાની કિંમતના ૧.૫ગણો ચાર્જ કાપવામાં આવશે.
- કોલ્ડ સ્ટોરેજમાં તાપમાન કે ભેજમાં કોઈ તફાવત નોધાય અને તેનાથી કોઈ નુકશાન થાય તો કોલ્ડ સ્ટોરેજના માલિકે ભરપાઈ કરવાનું રહેશે.
- કોલ્ડ સ્ટોરેજ પર લગતા તમામ કરવેરા સ્ટોરેજના માલિકને ભરવાના રહેશે.
- કોલ્ડ સ્ટોરેજમાં સંગ્રહ કરવામાં આવતા માલને લગતા જરૂરી કાયદાકીય લાયસન્સ કોલ્ડ સ્ટોરેજના માલિકે લેવાના રહેશે.
- શરતોના અર્થઘટન માટે ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેક્ટરશ્રીનો નિર્ણય આખરી રહેશે અને ન્યાયનું ક્ષેત્ર પાલનપુર રહેશે.

**અન્ય શરતો:**

જો સંઘની જરૂરિયાત મુજબ આપના કોલ્ડ સ્ટોરમાં બટાકાનું બિયારણ રાખવાનું થાય તો તેને ઉપરોક્ત ભાવે આપની CIPC વગરની અલગ ચેમ્બરમાં વ્યવસ્થિત પણે આગામી વાવેતર સીઝન સુધી રાખવાનું રહેશે.

**તારીખ :**

**સ્થળ:**

**કોલ્ડ સ્ટોરેજ માલિકની સહી**